GJRJ140009512011

| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૨૭/૦૨/૨૦૨૫ | | |
| દાખલ તારીખ | : | ૨૭/૦૨/૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | : | ૧૨/૦૩/૨૦૨૬ | | |
| અવધિ | : | વર્ષ | માસ | દિન |
| | : | ૦૧ | ૦૦ | ૧૩ |
| આંક | : | ૫૧ | | |

**:: નમુનો – અ ::**

| | | |
|---|---|---|
| **જસદણ નાં મહેરબાન એડિશનલ ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ (શ્રી કે.એન.દવે) સાહેબની અદાલતમાં, મું: જસદણ સમક્ષ.** | | |
| **ચુકાદાની તારીખ** | :- | ૧૨/૦૩/૨૦૨૬ |
| **ફોજદારી કેસ નંબર** | :- | ૧૫૩/૨૦૨૫ |
| **પોલીસ સ્ટેશન/ એફ.આઈ.આર.નં** | :- | જસદણ પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૪૦૫૩૫/૨૦૨૪ |
| **ગુનો** | :- | ઈ.પી.કોડની-કલમો- ૨૮૧, ૧૦૬, ૧૨૫(એ)(બી), અને એમ વી એક્ટની કલમો ૧૭૭,૧૮૪,૧૩૪ મુજબ |
| **ફરીયાદી** | :- | શ્રી સરકાર |
| **વિ. એ.પી.પી. શ્રીમતી** | :- | કે.એમ.ચૌધરી. |
| **આરોપીઓનું નામ** | :- | દિલીપભાઇ નંદરામભાઇ હરીયાણી રહે-મોટા બારમણ, તા-ખાંભા,જી-અમરેલી |
| **આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી** | :- | એમ આર રવૈયા. |

**:: નમુનો – બ ::**

| | | |
|---|---|---|
| **ગુનાની તારીખ** | :- | ૦૮/૧૨/૨૦૨૪ |

| | | |
|---|---|---|
| **ફરીયાદની તારીખ** | :– | ૦૭/૧૨/૨૦૨૪ |
| **ચાર્જશીટની તારીખ** | :– | ૨૭/૦૨/૨૦૨૫ |
| **ચાર્જફ્રેમ/પ્લી તારીખ** | :– | ૨૭/૦૨/૨૦૨૫ |
| **પુરાવો શરુ થયાની તારીખ** | :– | ૨૧/૦૮/૨૦૨૫ |
| **ચુકાદા માટે રાખવાની તારીખ** | :– | ૧૨/૦૩/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | :– | ૧૨/૦૩/૨૦૨૬ |

**:: આરોપીની વિગત ::**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | કરવામાં આવેલ સજા | અટકાયતનો સમયગાળો CRPC-428 મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | દિલીપભાઇ નંદરામભાઇ હરીયાણી | ૧૧/૧૨/૨૪ | ૧૧/૧૨/૨૪ | ઈ.પી.કોડની કલમ– ૨૮૧, ૧૦૬, ૧૨૫(એ)(બી), અને એમ વી એક્ટની કલમો ૧૭૭,૧૮૪,૧૩૪ મુજબ | નિર્દોષ | આખરી હુકમ મુજબ | – |

# –:: ચુકાદો ::–

(૧) ફરીયાદપક્ષનાં કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના આરોપીએ ગત તા.૦૭/૧૨/૨૦૨૪ ના કલાક ૨૦/૪૫ કલાકે જસદણ તાલુકાના ગુંદાળા ગામે ગુંદાળા ચોકડીથી આવવાના રસ્તે પ્રથમ નદીના પુલ પર ફરીયાદીના પતિ મોટર સાયકલ નં. જી.જે. ૦૩ – ઈ. એફ. ૨૦૪૭ વાળુ લઈને આટકોટથી ગરણી પરત આવતા હતા દરમ્યાન આટકોટ તરફથી તમોએ એક અશોક લેલન કંપનીનો ટ્રક જેના રજી.નં. જી.જે. 13 – એ.ટી. 8569 વાળુ માનવ જીંદગી જોખમાય તે રીતે પુરઝડપે ગફલત ભરી રીતે ચલાવી મરણજનારના મો.સા. સાથે પાછળથી ભટકાડી અકસ્માત કરી શરીરે તથા માથામાં ગંભીર ઈજા પહોંચાડી સ્થળ ઉપરથી નાશી જતા ફરીયાદીના પતિનું મોત નિપજાવી બી.એન.એસ. કલમ – ૨૮૧,

૧૦૬,૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી. એક્ટની કલમ ૧૮૪, ૧૭૭, ૧૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે. જે ગુના સબંધે આરોપીએ ઉપર જણાવ્યા મુજબનો સજાને પાત્ર ગુન્હો કર્યા સબંધેની ફરીયાદનાં અનુસંધાને તપાસનાં અંતે આરોપી વિરુધ્ધ હાલનું આ ચાર્જસીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપીને સમન્સ કરતા આરોપી હાજર થતાં આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાત્રી કરી આરોપીની ગુન્હા સબંધેની આંક-૫ થી પ્લી લેતા આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતા આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) આરોપી વિરુધ્ધનું તહોમત સાબિત કરવા માટે ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો પુરાવો રજુ થયેલ છે.

(અ) **<u>મૌખિક પુરાવા</u> :-**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૮ | મુળ ફરિયાદી લીલાબેન અનિલભાઇ મોહનીયાની જુબાની. |
| ૨ | ૧૦ | પંચસાહેદ અશોકભાઇ શામજીભાઇ દાબસરાની જુબાની. |
| ૩ | ૧૨ | પંચસાહેદ ડાયાભાઇ શામજીભાઇ દાબસરાની જુબાની. |
| ૪ | ૧૩ | સાહેદ પાતળીયાભાઇ નાનબુભાઇ દેવરકીયાની જુબાની. |
| ૫ | ૧૫ | સાહેદ રમેશભાઇ ચુનીયાભાઇ દાવરની જુબાની. |
| ૬ | ૧૬ | સાહેદ ધુધરીયાભાઇ સોમલાશિંગાળની જુબાની. |
| ૭ | ૧૭ | પંચસાહેદ નરેશભાઇ જુવાનસિંગ બામનીયાની જુબાની. |
| ૮ | ૧૮ | પંચસાહેદ અનિતાબેન નરેશભાઇ બામનીયાની જુબાની. |
| ૯ | ૨૦ | સાહેદ અંકિતભાઇ હરેશભાઇ સુરાણીની જુબાની. |
| ૧૦ | ૨૧ | સાહેદ હરેશભાઇ સવજીભાઇ સુરાણીની જુબાની. |

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧૧ | ૨૨ | સાહેદ નિર્મળાબેન હરેશભાઇ સુરાણીની જુબાની. |
| ૧૨. | ૨૩ | સાહેદ જાવિદભાઇ યુનુસભાઇ કાબરીયાની જુબાની. |
| ૧૩. | ૪૯ | તપાસનીશ અધિકારીશ્રી ફાલ્ગુનભાઇ ભિખાભાઇ સાગઠીયાની જુબાની. |

## (બ) <u>દસ્તાવેજી પુરાવા</u> :-

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૯ | ફરિયાદ. |
| ૨ | ૧૨ | અટક પંચનામું. |
| ૩ | ૧૪ | ઈન્કવેસ્ટ પંચનામું. |
| ૪ | ૧૧ | સ્થાનીક જગ્યાનું પંચનામું. |
| ૫ | ૩૫ | પી.એમ.રીપોર્ટ. |
| ૬ | ૫૦ | ડેપ્યુટ હુકમ. |
| ૭ | ૨૬,૨૭ | સ્થળ પરીક્ષણ અહેવાલ. |
| ૮ | ૪૧ | આર.સી.બુક નકલ. |
| ૯ | ૪૨ | ઈન્સ્યોરન્સ પેપર્સ નકલ. |
| ૧૦ | ૨૯થી૩૪ | મેડીકલ સર્ટીફીકેટ્સ |

(૪) ત્યારબાદ છેલ્લે ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી દ્ધારા ફરીયાદપક્ષનો પુરાવો મૌખિક વિનંતીથી પુરો થયેલ હોવાનુ જાહેર કરતા ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરી આરોપીઓના બી.એન.એસ.એસ. ની કલમ-૩૫૧ મુજબ વિશેષ નિવેદનો લેતા આરોપીએ તે પ્રશ્નોના નકારમા જવાબ આપી પોતે નિર્દોષ હોય છોડી મુકવા અરજ કરેલ છે.ત્યારબાદ ફરીયાદ પક્ષની વિદ્ધાન એપીપીશ્રીની તેમજ આરોપીનાં વિદવાન વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ.

(૫) આ કેસનાં ન્યાયીક નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

:૧: શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગત તા.૦૭/૧૨/૨૦૨૪ ના કલાક ૨૦/૪૫ કલાકે જસદણ તાલુકાના ગુંદાળા ગામે ગુંદાળા ચોકડીથી આવવાના રસ્તે પ્રથમ નદીના પુલ પર ફરીયાદીના પતિ મોટર સાયકલ નં. જી.જે. ૦૩ – ઈ. એફ. ૨૦૪૭ વાળુ લઈને આટકોટથી ગરણી પરત આવતા હતા દરમ્યાન આટકોટ તરફથી તમોએ એક અશોક લેલન કંપનીનો ટ્રક જેના રજી.નં. જી.જે. 13 – એ.ટી. 8569 વાળુ માનવ જીંદગી જોખમાય તે રીતે પુરઝડપે ગફલત ભરી રીતે ચલાવી મરણજનારના મો.સા. સાથે પાછળથી ભટકાડી અકસ્માત કરી શરીરે તથા માથામાં ગંભીર ઈજા પહોંચાડી સ્થળ ઉપરથી નાશી જતા ફરીયાદીના પતિનું મોત નિપજાવી બી.એન.એસ. કલમ – ૨૮૧, ૧૦૬,૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી. એક્ટની કલમ ૧૮૪, ૧૭૭, ૧૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

:૨: શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓનાં ન્યાયીક નિર્ણયનાં કારણો નીચે મુજબ છે.

:૧: **નકારમાં.**

:૨: **આખરી હુકમ મુજબ.**

## **::– નિર્ણય માટે ના કારણો –::**

**<u>મુદા નંબર–૧, ૨</u>**

(૭) ઉપરોકત મુદ્દા અંગે રેકર્ડ ઉપરનો પુરાવો જોવામાં આવે તો ફરીયાદપક્ષ તરફે મુળ ફરીયાદી લીલાબેન અનિલભાઇ મોહનીયાને આંક– ૦૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેમની જુબાની દરમિયાન આંક– ૦૯ થી ફરીયાદ રજુ થયેલ છે. મજકુર સાહેદે જણાવેલ છે કે, બનાવ આશરે છ સાત મહીના પહેલા બનેલો હતો. બનાવના દિવસે હું વાડીએ હતી ત્યારે બાજુની વાડીવાળાએ મને જણાવેલ કે તમારા પતિનું એકસીડેન્ટ થયેલ છે. ત્યારબાદ હું તથા મારા દિકરો પ્રાઈવેટ રીક્ષા લઈને જસદણ સરકારી દવાખાને આવેલા હતા અને ત્યાં મારા પતિનું પી.એમ.કરી લાશ અમોને સોંપી દિધેલ. આ અકસ્માત મોટરસાયકલ તથા ટ્રક સાથે થયેલ હતો. આ ટ્રક ચાલક કોણ હતું અને તેનો નંબર મને ખબર નથી. આ અકસ્માતમાં મારા પતિને માથાના ભાગે તથા ખંભાના ભાગે ઈજા થયેલ હતી. હાલની બનાવની ફરીયાદ મે આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં મારા અંગુઠાનું નિશાન છે જે હું ઓળખી બતાવે છે.

વધુમાં, આરોપી તરફેની ઉલટતપાસમાં મજકુર સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલ ન હોય જેથી બનાવ કોની ભુલના કારણે બનેલ તે હું કહી શકું નહી. એ વાત ખરી છે કે વાહનના નંબર મને ખબર નથી. એ વાત ખરી છે કે વળતર મેળવવા માટે કલેઈમ કેસ દાખલ કરેલ છે. એ વાત ખરી છે કે મે બનાવ નજરે જોયેલ ન હોય તેથી અકસ્માતવાળું વાહન કોણ ચલાવતું હોય તે હું કહી શકું નહી.

(૮) ફરીયાદપક્ષ તરફે પંચસાહેદ અશોકભાઇ શામજીભાઇ દાબસરાને આંક– ૧૦ થી તથા પંચસાહેદ ડાયાભાઇ શામજીભાઇ દાબસરાને આંક–૧૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેમની જુબાની દરમિયાન તેઓ જણાવે છે કે, પોલીસે તેઓને ચા માસ પહેલા જસદણ પોલીસ સ્ટેશનમાં બોલાવેલ અને એક લખેલા કાગળમાં સહી કરાવી તે સિવાય બીજં કંઈ જાણતા ન હોવાનું જણાવી અટક પંચનામામાં પંચ નં.૧ તથા પંચ નં.૨ તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે જે સ્થાનિક જગ્યાનુ પંચનામું આંક–૧૧ થી રજુ છે.

મજકુર પંચસાહેદ તેમના પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલ ન હોઈ, ફરીયાદપક્ષે તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી આરોપી તર્ફે તેમની ઉલટતપાસ કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મે તૈયાર પંચનામામાં સહી કરેલી તે સિવાય બીજું કંઈ જાણતો નથી.

(૯) ફરીયાદપક્ષ તરફે પંચસાહેદ પાતળીયાભાઇ નાનભુભાઇ દેવરકીયાને આંક– ૧૩ થી તથા પંચસાહેદ ઘુઘરીયાભાઇ સોમલા શિંગાડને આંક–૧૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેમની જુબાની દરમિયાન તેઓ જણાવે છે કે, પોલીસે તેઓને ચા માસ પહેલા જસદણ પોલીસ સ્ટેશનમાં બોલાવેલ અને એક લખેલા કાગળમાં સહી કરાવી તે સિવાય બીજં કંઈ જાણતા ન હોવાનું જણાવી અટક પંચનામામાં પંચ નં.૧ તથા પંચ નં.૨ તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે જે ઇન્કવેસ્ટ પંચનામું આંક–૧૪થી રજુ છે.

મજકુર પંચસાહેદ તેમના પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલ ન હોઈ, ફરીયાદપક્ષે તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી આરોપી તર્ફે તેમની ઉલટતપાસ કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મે તૈયાર પંચનામામાં સહી કરેલી તે સિવાય બીજું કંઈ જાણતો નથી.

(૧૦) ફરીયાદપક્ષ તરફે સાહેદ રમેશભાઈ ચુનીયાભાઈ ડાવર ને આં ક– ૧૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેમની જુબાની દરમિયાન તેઓ જણાવે છે કે, બનાવ આશરે પાંચ છ મહીના બનેલો હતો. બનાવ સમયે હું વાડીએ હતો. બનાવની જાણ મને ૧૦૮ એમબ્યુલન્સના દ્વારા જાણવા મળેલ. મે અનિલભાઈને ફોન કરેલ પરંતુ તેઓએ ઉપાડેલ નહી અને ૧૦૮ માંથી જણાવેલ કે અનિલભાઈનું એકસીડેન્ટ થયેલ છે. ત્યારબાદ હું બનાવવાળી જગ્યાએ ગયેલ ત્યાં મોટરસાયકલ પડેલ હતી. અનિલભાઈને માથાના ભાગે વધારે વાગેલું હતું. ત્યારબાદ હું જસદણ સરકારી હોસ્પીટલ ગયેલ. ત્યારબાદ ફરજ પરના ડોકટરશ્રીને તપાસની અનિલભાઈને મરણ ગયેલાનું જાહેર કરેલ. ત્યારબાદ પી.એમ.કરી લાશનો કબ્જો અંતિમવીધી કરવા માટે સોંપેલો. હાલનો બનાવ મોટરસાયકલ અને ટ્રક વાહન વચ્ચે બનેલો હતો. પોલીસે મારી પુછપરછ કરી મારૂ નિવેદન નોંધેલ. ટ્રક ચાલકને હું ઓળખી શકું નહી.

વધુમાં, આરોપી તરફેની ઉલટતપાસમાં મજકુર સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે બનાવ મે નજરોનજર જોયેલ નથી. એ વાત ખરી છે કે બનાવ મે નજરોનજર જોયેલ ન હોય જેથી કોની બેદરકારીને કારણે બનાવ બનેલો તે હું કહી શકું

નહી. એ વાત ખરી છે કે હું ટ્રક ચાલક કોણ હતું તેને હું ઓળખતો નથી તેમજ ટ્રકના નંબર મને ખબર નથી.

(૧૧) ફરીયાદપક્ષ તરફે સાહેદ નરેન્દ્ર જુવાનસિંગ બામનીયાને આંક– ૧૭ તથા આંક–૧૮ થી અનિતાબેન રમેશભાઇ બામનીયા તથા આંક–૨૦ થી અંકિતભાઇ હરેશભાઇ સુરાણી તથા આંક–૨૧ થી પરેશભાઇ સવજીભાઇ સુરાણી તથા આંક–૨૨ થિઉઇ નિર્મળાબેન હરેશભાઇ સુરાણી તથા આંક–૨૩ થી જાવિદભાઇ યુનુસભાઇ કાબરીયા નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ તમામ સાહેદોએ પોતાની સોગંદ પરની જુબાનીમા એકસરખી જુબાની પુરી પાડેલ છે અને મુખ્યત્વે જણાવેલ છે કે, બનાવ આશરે પાંચ છ મહીના બનેલો હતો. બનાવ સમયે હું વાડીએ હતો. બનાવની જાણ મને ૧૦૮ એમબ્યુલન્સના દ્વારા જાણવા મળેલ. મે અનિલભાઈને ફોન કરેલ પરંતુ તેઓએ ઉપાડેલ નહી અને ૧૦૮ માંથી જણાવેલ કે અનિલભાઈનું એકસીડેન્ટ થયેલ છે. ત્યારબાદ હું બનાવવાળી જગ્યાએ ગયેલ ત્યાં મોટરસાયકલ પડેલ હતી. અનિલભાઈને માથાના ભાગે વધારે વાગેલું હતું. ત્યારબાદ હું જસદણ સરકારી હોસ્પીટલ ગયેલ. ત્યારબાદ ફરજ પરના ડોકટરશ્રીને તપાસની અનિલભાઈને મરણ ગયેલાનું જાહેર કરેલ. ત્યારબાદ પી.એમ.કરી લાશનો કબ્જો અંતિમવીધી કરવા માટે સોંપેલો. હાલનો બનાવ મોટરસાયકલ અને ટ્રક વાહન વચ્ચે બનેલો હતો. પોલીસે મારી પુછપરછ કરી મારૂ નિવેદન નોંધેલ. ટ્રક ચાલકને હું ઓળખી શકું નહી.

વધુમાં, આરોપી તરફેની ઉલટતપાસમાં મજકુર સાહેદોએ એવી હકીકત સ્વીકરેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ મે નજરોનજર જોયેલ નથી. એ વાત ખરી છે કે બનાવ મે

નજરોનજર જોયેલ ન હોય જેથી કોની બેદરકારીને કારણે બનાવ બનેલો તે હું કહી શકું નહી. એ વાત ખરી છે કે હું ટ્રક ચાલક કોણ હતું તેને હું ઓળખતો નથી તેમજ ટ્રકના નંબર મને ખબર નથી.

**(૧૨)** ફરીયાદપક્ષ તરફે તપાસનીશ અધિકારીશ્રી ફાલગુનભાઇ ભિખાભાઇ સાગઠીયાને આંક–૪૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેમની જુબાની દરમિયાન તેઓ જણાવે છે કે, તારીખ–૦૮/૧૨/૨૦૨૪ ના રોજ હું આટકોટ પોલીસ સ્ટેશનમાં પો.હેડ.કોન્સ્ટેબલ તરીકે મારી ફરજ પર હાજર હતો ત્યારે ગુ.ર.નં. ૦૫૩૫/૨૦૨૪ બી.એન.અસ.કલમ–૨૮૧,૧૦૬,૧૨૫(એ),૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ મુજબ આ કામના ફરીયાદી પતિ મોટરસાયકલ જેના રજી.નં.જીજે–૦૩–ઈએફ–૨૦૪૭ વાળું લઈને આટકોટ થી ગરણી પરત આવતા હતા તે દરમીયાન આ કામના આરોપી અશોક લેલેન્ડ કંપનીનો ટ્રક જેના રજી.નં.જીજે–૧૩–એટી–૮૫૬૯ ના ચાલક માનવ જીંદગી જોખમાય તે રીતે મરણજનારના મોટરસાયકલ સાથે માથામાં ગંભીર ઈજા કરી મૃત્યુ નિપજાવી ગુન્હો કરેલ હોય આરોપી વિરૂધ્ધ ગુન્હો રજીસ્ટર કરેલ. ત્યારબાદ આગળની તપાસ પી.એસ.ઓ.દ્વારા તેઓને ડેપ્યુટ કરતા અમોએ તપાસ સંભાળી લીધેલ. ત્યારબાદ પંચો રૂબરૂ સ્થાનિક જગ્યાનું પંચનામું કરી પંચોના લખાવ્યા મુજબ વિગતવારનું પંચનામું લખી લઈ અને તેઓની તથા મારી સહી કરેલી જે સહીઓ હું ઓળખી બતાવું છું જે પંચનામું આંક–૧૧ થી રજુ છે. ત્યારબાદ પંચો રૂબરૂ ઈન્કવેસ્ટ પંચનામું કરી પંચોના લખાવ્યા મુજબ વિગતવારનું પંચનામું લખી લઈ અને તેઓની તથા મારી સહી કરેલી જે

સહીઓ હું ઓળખી બતાવું છું જે પંચનામું આંક–૧૪ થી રજુ છે. ત્યારબાદ તપાસના કામે ઈજા પામનારનું મેડીકલ સારવાર સર્ટીફીકેટ રજુ રાખેલ છે. ત્યારબાદ મરણજનારનું પી.એમ. નોટ મેળવી જે સદર કામે આંક–૩૫ થી રજુ છે. ત્યારબાદ તપાસના કામે સ્થળ પરીક્ષણ અહેવાલ,એકસીડેન્ટ રીપોર્ટ ફોર્મ રજુ રાખેલ. ત્યારબાદ ગાડીને લગતા પેપર્સ ચાર્જશીટ સાથે શામેલ રાખેલ. ત્યારબાદ લાગતાવળગતા સાહેદોના નિવેદનો નોધેલા. ત્યારબાદ આરોપીઓ સામે પુરતો પુરાવો હોય જેથી નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલું. આરોપીને કોર્ટમાં હાજર હોય તો ઓળખી શકું.

વધુમાં, આરોપી તરફેની ઉલટતપાસમાં મજકુર સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા જાહેર રોડ છે જયા ઘણા બધા વાહનોની અવરજવર રહે છે. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ થોડોક રસ્તો ખરાબ છે. એ વાત ખરી છે કે ફરીયાદ મારા રૂબરૂ લેવામાં આવેલ છે. એ વાત ખરી નથી કે ફરીયાદીને અશોક લેલેન્ડના ડ્રાઈવર કે નંબર વિશે માહીતી ન હતી. એ વાત ખરી છે કે તપાસના કામે નજરે જોનાર સાહેદનું નિવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદ ફરીયાદી તથા તેના ભાઈએ સાથે મળીને લખાવેલ ન હતી. પંચનામું પંચોએ લખાવેલું. એ વાત ખરી છે કે કોઈપણ સાહેદના નિવેદનમાં વાહનની ગતિ જણાવેલ નથી એ વાત ખરી નથી કે પંચનામું ઓફીસે બેસીને તૈયાર કરેલું. એ વાત ખરી નથી કે પંચનામાઓ તથા સાહેદોના નિવેદનો મારી જાતે તૈયાર કરી લીધેલ છે.

(૧૩) ઉપરોકત હકીકત ધ્યાને લેતા ફરીયાદપક્ષનું આરોપી વિરુધ્ધનું તહોમત એવું છે કે, આ કામના આરોપીએ ગત

તા.૦૭/૧૨/૨૦૨૪ ના કલાક ૨૦/૪૫ કલાકે જસદણ તાલુકાના ગુંદાળા ગામે ગુંદાળા ચોકડીથી આવવાના રસ્તે પ્રથમ નદીના પુલ પર ફરીયાદીના પતિ મોટર સાયકલ નં. જી.જે. ૦૩ – ઈ. એફ. ૨૦૪૭ વાળુ લઈને આટકોટથી ગરણી પરત આવતા હતા દરમ્યાન આટકોટ તરફથી તમોએ એક અશોક લેલન કંપનીનો ટ્રક જેના રજી.નં. જી.જે. ૧૩ – એ.ટી. ૮૫૬૯ વાળુ માનવ જીંદગી જોખમાય તે રીતે પુરઝડપે ગફલત ભરી રીતે ચલાવી મરણજનારના મો.સા. સાથે પાછળથી ભટકાડી અકસ્માત કરી શરીરે તથા માથામાં ગંભીર ઈજા પહોંચાડી સ્થળ ઉપરથી નાશી જતા ફરીયાદીના પતિનું મોત નિપજાવી બી.એન.એસ. કલમ – ૨૮૧, ૧૦૬,૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી. એક્ટની કલમ ૧૮૪, ૧૭૭, ૧૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે.

(૧૪) વધુમાં મોટર એકસીડન્ટના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમા સૌ પ્રથમ ફરીયાદ પક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે આરોપી બનાવ સમયે અકસ્માત વાહનનું ડ્રાઈવીંગ કરતો હતો તથા સદર ડ્રાઈવીંગ બેદરકારીભર્યુ કે ગફલતભર્યુ કરતો હતો. માત્ર એરર ઓફ જજમેન્ટના આધાર પર ફોજદારી કે ક્રિમીનલ બેદરકારીભર્યુ ડ્રાઈવીંગની બાબતના પુરાવાના અભાવે આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ બદલ દોષિત ઠરાવી શકાય નહી. વધુમાં નામદાર ઓરિસ્સા વડી અદાલતે ''બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટ'' ૧૯૯૪ ક્રિ.લો.જ. પેજ નં.૩૮૯ માં એમ ઠરાવેલ છે કે,

(A) Penal Code (45 of 1860), S.279 - NEGLIGENCE - Rash and negligent driving - Offence under - Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness or error of judgment, not sufficient - Accident resulting in death, failure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high speed, not sufficient – Accused entitled for acquittal.

વધુમાં તે ચૂકાદાનાં પેરા–પ માં એમ ઠરાવેલ છે કે....

Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment. The essential ingredients of Section 279 are:

(i) Rash and negligent driving or riding on a public way.
(ii) The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person. For an offence punishable under Sec. 304-A, IPC, the point to be established is that the act of accused was responsible for resulting in the death and

such act of the accused was rash and negligent although it did not amount to culpable homicide. To establish either of Sections 279 or 304-A rash and negligent has to be established, but only distinction is that in Section-279 rash and negligent act relates to the manner of driving or riding on a public way, while offence under Section 304-A extends to any rash and negligent act falling short of culpable homicide. As indicated above, rashness or negligence to be established must be more than an error of judgment. Distinction between rashness and negligence is that negligence connotes want of proper care, while rashness conveys the idea of reckless doing of an act without consideration of any consequences.

(૧૫) હાથ પરના કેસની હકિકતો જોતાં તથા ઉપરોકત કરેલ તમામ ચર્ચા મુજબ તેમજ રેકર્ડ પરના પુરાવા પરથી તેવું માની શકાય છે કે, અકસ્માતનો બનાવ બનેલ છે પરંતુ હાલનો અકસ્માત આ કામનાં આરોપીની બેદરકારી અને ગફલત ભરેલ ડ્રાઈવીંગના કારણે જ થયેલ હોવા અંગેનો સીધો, સ્પષ્ટ અને સચોટ પુરાવો રજુ થયેલ નથી. તે જ રીતે આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા તમામ સોહદોની જુબાનીઓ જોતા રેકર્ડ પર એવી કોઈ હકિકત આવવા પામેલ નથી કે જેથી આ કામના આરોપી અકસ્માત સમયે ફરિયાદીના મો.સા.તરફ પોતાનો ટેમ્પો ટ્રાવેલર પુરઝડપે, માનવ જિંદગી જોખમાય તે રીતે બેફીકરાઈથી પણે ચલાવી, ફરિયાદીના મો.સા. સાથે પોતાનો ટેમ્પો ટ્રાવેલર ભટકાડતા સાહેદ  વીહાભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ

કરી સારવાર દરમ્યાન મોત નિપજાવેલ હોય. વધુમાં આ કામે તપાસવામાં આવેલ સાહેદો ફરિયાદપક્ષને સમર્થનકારી જુબાની આપે છે પરંતુ ઉલટતપાસમાં તે સાહેદો પૈકી કોઈપણ સાહેદ દ્વારા બનાવ નજરે જોવામાં આવેલ હોય તેવી હકિકત જણાવતા ન હોય ફરિયાદપક્ષને સમર્થનકારી પુરાવો રેકર્ડ પર આવવા પામેલ નથી તેમજ આ કામે આરોપી અકસ્માત સમયે પોતાનું વાહન ચલાવતો હતો કે કેમ તેવી હકિકત પણ રેકર્ડ પર આવવા પામેલ નથી તે રીતે આ કામે તપસાવામાં આવેલ પંચસાહેદો પૈકી પંચસાહેદ કાળુભાઈ, દિલીપભાઈ ફરિ ગયેલ સાહેદ જાહેર થયેલ છે. વધુમાં આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદો પોતાની ઉલટતપાસમાં પોલીસે તેઓને પંચનામું કરવા પંચમાં રહેવા કહેલ એટલે તેઓ પંચમાં રહેલ. તે જ રીતે આ કામે રેકર્ડના પુરાવા પરથી એવું જણાઈ છે કે, અકસ્માત થયેલ છે પરંતુ કોની બેદરકારીના કારણે અકસ્માત થયેલ તેવી હકિકત અંગેનો સ્પષ્ટ અને સચોટ પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલ ન હોય ત્યારે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાઓથી ઉભી થતી શંકાનો લાભ આરોપીને આપવો જોઈએ તેવુ આ અદાલતનુ માનવુ છે. જેથી ફરીયાદપક્ષ આરોપીની બેદરકારી અને ગફલત ભરેલ ડ્રાઈવીંગના કારણે જ અકસ્માત થયેલાનુ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. વધુમાં, ફોજદારી ન્યાયતંત્રનાં સ્થાપિત સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જયારે સાહેદ સોગંદ ઉપરની જુબાની આપે છે ત્યારે તેઓ પોતાનાં જ્ઞાન અને માહિતી મુજબ સાચુ જ બોલતાં હોય છે. સિવાય કે તેનાથી વિરૂધ્ધની હકીકતો સાબિત કરવામાં આવે. જયાં સુધી એવી

હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટું બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. પુરાવાનું મૂલ્યાંકન શબ્દને પુરાવાનાં કાયદામાં કયાં ય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનૂન સમર્થિતક કોઈ નિયમ નથી. પુરાવાનું મૂલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારિત હોય છે. ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમમાં સત્ય શું કે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદપક્ષ દવારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે. પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેનાં કોઈ ચોકકસ નિયમો ઘડવામાં આવેલ નથી કારણ કે દરેક કેસની હકીકત પુરાવો આજુબાજુનાં પરિબળો તે તમામ ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. વધુમાં, પુરાવાનાં મૂલ્યાંકનનો આધાર પુરાવાનાં કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારિત છે. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય. તેમજ ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ પર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સં ભવિતતાં દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી

કાર્યવાહીમાં હોતી નથી. ફોજદારી કાર્યવાહીનાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી પર ખસતો નથી. ફરીયાદપક્ષે માત્ર સંભવિતતાં જ દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપી પરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માંગતાં હોય તો પણ તેમણે પુરાવાનાં કાયદાની કલમ–૧૦૫ મુજબ સંભવિતતાં દર્શાવવાની રહે છે. આરોપીએ અપવાદ માહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી. વધુમાં ફોજદારી ન્યાય શાસ્ત્રનો એવો પણ સ્થાપિત થયેલ સિધ્ધાંત છે કે, સો ગુનેગારો ભલે છટકી જાય પરંતુ કોઈ નિર્દોષ માર્યો જવો જોઈએ નહીં. આમ, ઉપરોકત કરેલ ચર્ચા કારણોસર આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવું ન્યાયોચિત જણાતું નથી. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ''કૈલાસ ગોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ'' જે એ.આઈ.આર. ૨૦૧૨, એસ.સી. પાન નંબર–૭૮૬ ના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો જોતાં તેના પેરા–૨૮માં એમ ઠરાવેલ છે કે,

> “It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been

recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ''દિગમ્બર વૈષ્ણવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ છત્તીસગઢ'' નો ચુકાદો કે જે 2019 (4) SCC 522 માં પ્રસિધ્ધ થયેલ છે જેનાં પેરા–૧૫ તથા ૧૯ માં ઠરાવેલ છે કે....

15. One of the fundamental principles of criminal jurisprudence is undeniably that the burden of proof squarely rests on the prosecution and that the general burden never shifts. There can be no conviction on the basis of surmises and conjectures or suspicion howsoever grave it may be. Strong suspicion, strong coincidences and grave doubt cannot take the place of legal proof. The onus of the prosecution cannot be discharged by referring to very strong suspicion and existence of highly suspicious factors to inculpate the accused nor falsity of defence could take the place of proof which the prosecution has to establish in order to succeed, though a false plea by

> the defence at best, be considered as an additional circumstance, if other circumstances unfailingly point to the guilt.
>
> 19. It is also well-settled principle that in criminal cases, if two views are possible on evidence adduced in the case, one binding to the guilt of the accused and the other is to his innocence, the view which is favourable to the accused, should be adopted. This principle has a special relevance in cases wherein the guilt of the accused is sought to be established by circumstantial evidence [See Kali Ram v. State of Himachal Pradesh, (1973) 2 SCC 808].

તેમજ આ કામે રજુ સમગ્ર મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં એ હકીકત ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ નથી કે, આ કામના આરોપીએ ગત તા.૦૭/૧૨/૨૦૨૪ ના કલાક ૨૦/૪૫ કલાકે જસદણ તાલુકાના ગુંદાળા ગામે ગુંદાળા ચોકડીથી આવવાના રસ્તે પ્રથમ નદીના પુલ પર ફરીયાદીના પતિ મોટર સાયકલ નં. જી.જે. ૦૩ – ઈ. એફ. ૨૦૪૭ વાળુ લઈને આટકોટથી ગરણી પરત આવતા હતા દરમ્યાન આટકોટ તરફથી તમોએ એક અશોક લેલન કંપનીનો ટ્રક જેના રજી.નં. જી.જે. ૧૩ – એ.ટી. ૮૫૬૯ વાળુ માનવ જીંદગી જોખમાય તે રીતે પુરઝડપે ગફલત ભરી રીતે ચલાવી મરણજનારના મો.સા. સાથે પાછળથી ભટકાડી અકસ્માત કરી શરીરે તથા માથામાં ગંભીર ઈજા પહોંચાડી સ્થળ ઉપરથી નાશી જતા ફરીયાદીના પતિનું મોત નિપજાવી બી.એન.એસ. કલમ – ૨૮૧, ૧૦૬,૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી. એક્ટની કલમ ૧૮૪, ૧૭૭, ૧૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે. જેથી ફરીયાદપક્ષ પોતાનો કેસ રજુ કરેલ

પુરાવાઓથી નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ આ કેસનાં ન્યાયિક નિર્ણય સારૂ ઉપસ્થિત થયેલ મુદ્દા નં.૧ નો મારો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## ::– **<u>આખરી હુકમ</u>** –::

(૧) આથી આ કામનાં આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) અન્વયે બી.એન.એસ. કલમ – ૨૮૧, ૧૦૬,૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી. એક્ટની કલમ ૧૮૪, ૧૭૭, ૧૩૪ મુજબનાં ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરું છું.

(૨) આરોપીએ બી.એન.એસ.એસ. કલમ– ૪૮૧ એ મુજબ અપીલ સમયના રૂા.૫,૦૦૦/– ના એકવીટલ જામીન રજુ કરવા.

સદરહું ચુકાદો આજરોજ તારીખ ૧૨ મી માહે માર્ચ સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

જસદણ.
તારીખ : ૧૨–૦૩–૨૦૨૬ .

**(કૃષ્ણકાંત નરેન્દ્રકુમાર દવે )**
એડીશનલ ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
જસદણ. કોડ જી.જે.૦૧૧૧૬.